આભારદર્શન

કવિશ્રી અરદેશર ફરામજી ખબરદાર

મુંબાઇમાં કાવસજી જહાંગીર હૉલમાં શુક્રવાર, તા૦ ૬ ઠ્ઠી
નવેમ્બર ૧૯૩૧ ને દિવસે અભિનન્દન-સંમેલન
સમક્ષ કવિશ્રીએ આપેલું ભાષણ.

ઈ. સ. ૧૯૩૧.　　　　વિ. સં. ૧૯૮૭

આભારદર્શન

માનવંતા પ્રમુખ સાહેબ મુ. આનંદશંકરભાઈ, મુંબઈ અને ગુજરાતનાં સાહિત્યરસિક સજ્જનો અને સન્નારીઓ—

અંધકારમાંથી ઓચિંતા પ્રકાશમાં આવનારની આંખને જેવાં ઝળઝળિયાં આવે છે, તેવો અનુભવ આજે હું તમારાં આ અનુપમ સન્માન અને સ્નેહનાં વર્ષણથી અહીં લઇ રહ્યો છું, અને પળભર મારૂં હૃદય થંભી જાય છે. રાત્રિએ કરોડો તારાની માળાનો ભાર લટકાવીને આ વિશાળ આકાશ ફરે છે, તેને એ માળાનો ભાર કેટલો લાગે છે તે તો તે જ જાણે; પણ આ તમારાં સ્નેહપુષ્પોના ભારથી આજે તો મારાં આ પહોળાં ને પહેલવાની ખભાં પણ જાણે ચગદાઇ જતાં હોય એમજ હું અનુભવું છું. મારા અંતરનું આભારદર્શન હું કેવા ને કયા શબ્દોમાં કરૂં ? એ આભારદર્શન માટે હૃદયમાં જ્યાં ભાદરવાનાં પૂર આવે, ત્યાં માનવશબ્દોની સાંકડી નદીનો પાટ એ પૂરને કેમ માર્ગ આપી શકશે ? શબ્દો ખૂટી પડે ત્યાં હૃદય સંગીતનો આસરો લેવા જાય છે, અને કવિહૃદયને તો એ જ માર્ગ વધુ પરિચિત અને વધુ સ્વભાવજન્ય છે. તો એ કવિની રીતે જ હું એ આભારદર્શન પ્રથમ કરી લઉં, તો મારા કોટિ કોટિ હૃદયભાવના એ સબળ ઉભરાને હું કંઇક પણ માર્ગ આપી શકું. હું કંઇ સંગીતશાસ્ત્રી કે ગાયક નથી, પણ મારી પોતાની રીતે હું જેમ ગુંજન કરૂં છું, તેમજ અહીં તમારી આગળ હું મારા હૃદયનું ગાન, મનમાં નહીં પણ મોટેથી, ગુંજી બતાવીશ:

(ગરબી)

આભજરૂખેથી ઉતર્યા છે પાગ :
હૈયે શાં સમાવો, વ્હાલાં !
મારા સૂરજને સંધ્યાના સોહાગ
સ્નેહ શા સજાવો વ્હાલાં !

છોડયાં શિખર આજે આયુષ્યગિરિનાં,
છોડી કિરણુની જ્વાળા રે;
શોધું સંધ્યાની શીળી શાંતિનાં સોણલાં,
રેલાયા ત્યાં શા રંગથાળા !

હો ! હૈયે શાં સમાવો, વ્હાલાં !
મારા સૂરજને સંધ્યાના સોહાગ.

મહેલ ને મેડીએ ધોમ ધખ્યા ને
તપ્યાં જોબન રસધારે રે;
આજે તો વનનાં આવ્યાં વિલોકન ત્યાં
છાંટો શાં અમી વનવાટે !

હો ! હૈયે શાં સમાવો, વ્હાલાં !
મારા સૂરજને સંધ્યાના સોહાગ.

વનમાંના વડલા ને વનમાંના જોગી,
વનના વિરાટ પડછાયા રે;
પુરના પરોણા જેવા વનના યે પરોણા;
અદલ અચલ રચરાયા !

હો ! હૈયે શાં સમાવો, વ્હાલાં !
મારા સૂરજને સંધ્યાના સોહાગ.

સૂર્ય દિગંતચરણે શીશ ઝૂકાવે,
એવું ઝૂકાવું ઉર મારૂં રે:
ચરણે પડયું એ હૈડું હૈડે સમાવજો!
રોજ ને રોજ રહે સવારૂં
હો ! હૈયે શાં સમાવો, વ્હાલાં !

મારા સૂરજને સંધ્યાના સોહાગ
સ્નેહે શા સજાવો, વ્હાલાં !
આભઝરૂખેથી ઉતર્યાં છે પાગ :
હૈયે શાં સમાવો, વ્હાલાં !

અને આજે આ તમારા આભારી કવિને તમારી ગુણજ્ઞતાના ધોધમાં નવરાવતાં હું કોને કોને અહીં જોઉં છું ? આજે મારી આંખે તો સર્વત્ર ગુજરાતની એક જ જનતા તરવરે છે: આજે અહીં કોઇ હિંદુ નથી, કોઇ પારસી નથી, કોઇ મુસ્લિમ, જૈન કે અન્યધર્મી નથી: આજે તો ગુજરાતી ભાષા બોલતાં સર્વ ગુજરાતીઓ–ગુણગરવી ગુજરાતનાં ગુણજ્ઞ ગુજરાતીજનો જ આ એક ગુજરાતી બંધુનું સ્નેહપૂર્ણ આતિથ્ય કરે છે ! એ દશ્ય ગુજરાતનાં જીવનભર ગુણગાન કરનાર કવિને તેનાં સ્વપ્નોની કંઇક પણ સિદ્ધિ આ જન્મમાંજ થતી જોઇ આનંદસાગરમાં ડુબાડી દે છે. ગુણજ્ઞતા એ માનવહૃદયની ઉદારતા છે, અને જ્યાં ઉદારતા છે ત્યાં પ્રભુની ઉત્તમ વિભૂતિઓનો વાસો છે. પ્રભુ અને પ્રભુના વિશ્વની સુંદરતા, ભવ્યતા ને અદ્ભુતતાની અણગણ બક્ષીસોનાં ગુણગાન સર્વ કળાવિધાયકો પોતપોતાની રીતે કરે છે. ભક્તજન પણ પ્રભુનાં ગુણગાન કરીને કૃતાર્થ થાય છે. માનવ હૃદયમાં ગુણજ્ઞતાનો વાસો છે, તે જ તેને પ્રભુને પંથે ચડાવે છે. કદરદાનીમાં ખરી ખાનદાની છે, અને દુનિયાની ઉત્તમમાં ઉત્તમ કળાકૃતિઓ એ કદરદાનીનાં ફળરૂપે કે એ કદરદાનીની આશામાંથી જ ઉદ્ભવ પામી છે. આપણા રાજવી કવિ કલાપીએ ખરૂં જ કહ્યું છે કે "કળા છે ભોજ્ય મીઠી તે ભોક્તા વિણ કળા નહીં," તેમ જ્યાં કળાના ભોક્તા ને કદરદાન નથી, ત્યાં કળા ઉદ્ભવતી કે વિકાસતી નથી. ગુજરાતનું સ્થાપત્ય, ગુજરાતની ચિત્રકળા, ગુજરાતની કવિતા, ગુજરાતના અજોડ ગરબા ને રાસ: એ સૌ ગુજરાતની કળાની ભૂતકાળની કદરદાનીનાં સાક્ષીરૂપે સર્વની સામે મોજુદ છે, અને સાંપ્રતકાળમાં એ કદરદાનીનાં દર્શન ગુજરાતે અનેક કળાકારો, કવિઓ અને લેખકોને સન્માનીને પાછાં કરાવ્યાં છે. ગુણજ્ઞતા ગુણને ખીલવનારી છે, એ ગુજરાતે સમયે સમયે બતાવ્યું છે. ગુજરાતની પ્રગતિ સાહિત્યમાં, કળામાં, શૌર્યમાં, સંયમમાં, એમ અનેક માર્ગમાં ઝડપથી આગળ વધતી જાય છે, તેમ ગુજરાતની ગુણજ્ઞતા પણ વધે છે.

આજે તો ગુજરાતી સાહિત્યમાં અલ્પશક્તિમતિ અનુસાર પોતાની જેવી તેવી સેવા અર્પણ કીધી છે તેવા એક અલ્પગુણીની ગુણપ્રશસ્તિ તમે આદરી છે, એ તમારો ગુણનો પક્ષપાત જ છે. હું જાણું છું, સમજું છું અને સ્વીકારૂં છું કે મારી કાવ્યકૃતિઓમાં ગુણ નહીં જેવા છે. સ્વાત્મપરીક્ષાથી અને અંતરના ભાનથી મારી ખામીઓને ઓછી કરવા હું સદાસર્વદા પ્રયત્નશીલ રહું છું. ત્યારે આજે તમે જે ગુણગાન કરીને મારા હૃદયને આભાર ને ઉત્સાહથી ભરો છો, તેનું ખરૂં કારણ શું હશે તે હું શોધી રહ્યો છું. કમળ કાદવમાં ઉગે છે, પાણીમાં પડી રહે છે, એનામાં ઝાઝી સુવાસ પણ નથી, છતાંયે એનો એક ગુણ એ છે કે એ ભગવાન સૂર્યમહારાજના ઉગતાની સાથે પોતે પણ પોતાની હૃદયપાંદડીઓ ઉઘાડે છે, અને એ પ્રકાશનાં કિરણ પાછાં ફરતાં સાંજે એ પાછું બીડાઇ જાય છે. આ એક પ્રકાશ-પ્રફુલ્લિત ગુણથી એ પૂજાપાત્ર થયું છે, અને દેવને શિર ચડી શકે છે. તમારી આ બધી ગુણપૂજાનું હું આજે પાત્ર બન્યો છું, તે મારી કૃતિઓના કોઈ ખાસ ગુણને

લીધે નહીં, પણ તેરસો વરસથી પરદેશથી આવીને જે લોકો ગુજરાતની ઉદાર ભૂમિમાં આશ્રય ને સ્થાન પામ્યા, તે પારસી જનોમાંની મારા જેવી એક રંક વ્યક્તિએ તેના જેવાતેવા સૂરે એ પ્રિયભૂમિની અને એની મધુરી ભાષાના સાહિત્યની અલ્પાલ્પ સેવા કીધી, તે જ ગુણને લીધે છે, એમ હું માનું છું. આજે તમો મારાં તમામ ગુજરાતી ભાઇઓ અને બ્હેનો મને તમારો પોતાનો કરી લઇને જે સ્નેહથી નવાજો છો, તે સ્નેહ મેં કીધેલી સેવાથી હજારોગણો વધી જાય છે. લગ્ન કરવા લઈ જતા કાણાકૂબડા વરરાજાને પણ તેના જાનૈયા લગ્નકાળમાં રાજા કરી બેસાડે છે, અને તેની ખુબસૂરતીનાં, શૌર્યનાં, કુળનાં વગેરે જેમ મુક્તકંઠે લગ્નગીતો ગવાય છે, તેમ આજે અહીં તમો સર્વ તમારા આ સ્નેહપાત્રને તેનાં સેંકડો ગુણગાન જ કરી સંભળાવ્યાં છે, એમ જો હું કહું તો તમારી આ ઉદાર ગુણજ્ઞતાનાં મૂલ્ય હું ઓછાં કરતો નથી, પણ મારા પોતાના અધુરાપણાનું મને ભાન છે, તેની જ સ્પષ્ટતા હું કરૂં છું. ગુણ-પૂજાના ઉત્સવો એ પૃથ્વીના દિવસની જ્યોતિ જેવાજ હોય છેઃ ઉત્સાહ અને પ્રકાશથી પ્રફુલ્લ. એમાં પૃથ્વીની રાત્રિના અંધાર તો નીચે દબાયલા અને અદૃશ્ય જ રહે છે. એ અંધારનું સ્મરણ જો હું આજે ન કરૂં તો આ ગુણપૂજાના ઉત્સાહ અને પ્રકાશમાં હું મારા દોષના અંધારને ભૂલી બેસી મારા સદ્ધર્મથી ચ્યુત જ થાઉં.

મુંબઇ નગરીનાં રસિક ગુર્જરજનો! આજે હું આ તમારા અતિ ઉદાર સ્નેહનું પાત્ર બન્યો છું, અને તમારાં અણમોલ આતિથ્ય હું અહીં અનુભવી રહ્યો છું. એક ઠેકાણે મેં કહ્યું છે તેમ કવિએ તો બહુધા કોકિલ જેવું જ અદૃશ્ય રહેવું જોઇએ. ઝાડોની ઘટામાં ભરાઇને એ એના આનંદટહુકા ભલે કરે, અને જગત એ ટહુકાને ઝીલે–ન ઝીલે, તોય એ એનો સ્વાભાવિક આનંદ નહીં જ વરજે. કોકિલનો ગુણ તેના કંઠમાં છે, તેની આકર્ષકતા તેના અંધારપછેડામાં છે. એને પકડીને હેઠે લાવીને એનાં સામું જોશો તો એને કદરૂપો અને કાળો જોઇ તમારી કુતુહલતાને આઘાત થશે, અને કાકપક્ષી જેવા કોઇક એને પીંખી ખાવા પણ ધાશે! આ કોકિલન્યાયે આજે તમે મને અહીં દૂરથી પકડી લાવીને હવે મોહભંગ થયાં હો તો તેમાં કશું આશ્ચર્ય જેવું નથી. પણ આ તમારી ગુણપૂજા ને સ્નેહલાલનથી મને તો એવું થાય છે કે જાણે હું પાછો છટકી જઇને મારાં વૃક્ષોની સલામત ઘટામાં ભરાઇ જાઉં! સ્નેહના પણ ત્રાસ હોય છે અને સ્નેહના પણ ભારે કર દેવા પડે છે, એનો અનુભવ પણ હું લઈ રહ્યો છું; અને એવા અનુભવના ઉદ્ગાર આપણા મહાત્મા ગાંધીજીને પણ કાઢવા પડયા છે, તો મારા જેવા એકાન્તવાસી આત્માને તો એ સ્નેહના ભાર દબાવી જ દે છે. તમે કોઇએ કોકિલની કદરૂપતાની કે એની કાળાશની વાતો તો કીધી જ નથી! અને છતાં કોકિલ તો જેનો તે જ રહ્યો છે. કદરદાનીની ખાનદાની એથી વધુ શી હોય? પણ કોકિલની અરજ પણ સુણશો ને?

નૌતમ નગરીનાં રસકોડીલાં રે!
કાળા કોકિલનાં શાં રૂપ જો?

વનની છાયાનું એ છોગલું રે,
નહીં એ વનમંદિરનો ભૂપ જો:
વનનાં ઉડવાં એને છાજતાં રે!

વનમાં શોભે એના માંડવા રે,
શોભે ધાડી ઘટાના ગોખ જો:
વનના વૃક્ષવિસામે ઝૂલતો રે
જાણે નિજ જીવનની જોખ જો:
વનમાંહીં જ છે એને ટહુકવું રે!

કંઠે સ્વર હો વનવન વીંધતા રે,
દૂરના પંથીને એ મોલ્ય જો:
વનલક્ષ્મીની છલકે છોળ ત્યાં રે;
નહીં નગરીનાં બંધન કોય જો:
સૂરમાં કોણ કળે નિજ શ્યામતા રે?

નહીં એને નગરીનાં આંગણાં રે;–
મૂકી દ્યો એને વનમાંય જો!
વનઘેરી શી જોતાં શ્યામતા રે
ટહુકા પણ શમશે મનમાંય જો!
રસિયાં! કોકિલને છૂપી ટહુકવું રે!

બ્હેનો અને બંધુઓ! તમારા આ કોકિલની એવી શ્યામતા જો તમે તેને તમારી પાસે આ ઘડીભર રાખતાં જુઓ, તો એ કોકિલના કર્મદોષને માટે દયા ખાજો, અને તમે નહીં ધારેલી એવી શ્યામતા દેખતાં જો તમે મનભંગ થાઓ, તો એ કોકિલને ક્ષમા આપજો! કોકિલનો કશો પણ ગુણ હોય તો તે તેના કંઠમાં છે, તનરંગમાં નથી જ.

અને આ મારા અંતઃકરણનો આભાર દર્શાવતી વેળા ગુજરાત–મહાગુજરાતની જુદી જુદી નગરીઓનાં સાહિત્યરસિક સજ્જનો તમારી જ માફક પોતપોતાની નગરીમાં આજે મારાપર એવો જ સ્નેહ વરસાવે છે, તે તે સર્વને પણ મારું શિરોનમન હું અહીં જ કરી લઉં છું. સૌના સ્નેહ અને સદ્ભાવ ભૂલાય તેવા નથી. એ સૌએ મને પોતપોતાની નગરીનાં આતિથ્ય સ્વીકારવા બોલાવ્યો, પણ મારી આ ચાલુ નરમ પ્રકૃતિને લીધે એ સર્વ ઠેકાણે હું જઇ શકયો નથી, અને તે માટે એ સૌની પાસે

આ મુંબઈ નગરીની મધ્યસ્થ અને મુખ્ય સભા આગળ હું મારી માગી લઉં છું. રાસલીલાવેળા પ્રત્યેક ગોપીની સાથે શ્રીકૃષ્ણ કનૈયો એકી વેળા રાસ ખેલતો લાગતો, તે લીલા તો શ્રીકૃષ્ણ ભગવાન વિના બીજું કોણ કરી શકે, એટલે એ બધી નગરીઓની આજની સભાઓમાં એકીવેળા તો હું નથી હાજર રહી શકતો, કે પછી પણ હું જઈ શકું તેમ નથી, પણ મારો આત્મા તો આજે એ સૌની પાસે છે, એવી એ સર્વને હું ખાતરી આપું છું. સૌના સ્નેહ ને સૌની ગુણજ્ઞતા આજે મારે માથે મોટાં ઋણ ઉભાં કરે છે. સૌ કહો છો અને ગુણગાન કરો છો તેવો હું નથીઃ એ તમારી આશિષ અને ભાવનાને પાત્ર હું થાઉં, એ મારૂં ભવિષ્યનું કર્તવ્ય સમજું છું. ગુજરાત મહાગુજરાતનાં ગુણજ્ઞ સ્નેહીઓ! સર્વને મારાં હાર્દિક વંદન છે!

આ આભારદર્શનના પ્રકરણમાં જેમણે જેમણે મારૂં આ જીવન ઘડયું છે, અને જેમનાં મમતા ને માર્ગદર્શનથી હું આજે તમે મને જેવો જુઓ છો તેવો થયો છું, તે સર્વને પણ હું અહીં સંભારી લઉં, તોજ મારા હૃદયનું કર્ત્તવ્ય હું કંઇક પણ પાળી શકું.

પ્રથમ નમન હું મારાં પૂજ્ય માતુશ્રીને કરૂં છું. મારા પૂજ્ય પિતાશ્રીએ તો મારી પાંચ વર્ષની બાળવયમાં જ આ પૃથ્વીપરની લીલા સંકેલી લીધી હતી. મારાં માતુશ્રી અને મારાં સ્વર્ગસ્થ પિતામહીનાં બધાં લાલનપાલન હું પામ્યો હતો. મારાં માતુશ્રીએ તો તેમના વખતની ગુજરાતી સાત ચોપડી સુધીની પૂરી કેળવણી લીધી હતી, એટલે મારી બાળવયમાં મારૂં હૃદય તેમનાં તેમજ મારાં પિતામહીનાં ગીતો, ગરબીઓ, કથાકહાણીઓ વગેરેથી પોષાયું હતું.

એની જ સાથે **બીજું નમન મારા** સ્વર્ગસ્થ પૂજ્ય પિતામહશ્રીના ઉદાર આત્માને હું કરૂં છું. અમારા કુળજોશીએ મારા જન્મ પછી ગૃહકુંડળી જોઇ એમને કંઈ ભવિષ્યવાણી કહી હશે, એટલે એ મારા પૂજ્ય વડીલની તો મારા પર અનહદ મમતા હતી. એમને સંગીત, કવિતા, વગેરેનો સારો શોખ હતો, અને તે વેળાનું તેમનું ગ્રામ્યજીવન જોતાં મળી શકયાં તેટલાં સારાં ગુજરાતી પુસ્તકોનો પણ તેમની પાસે સંગ્રહ હતો. જે ભવિષ્યવાણી હતી તેને ખરી પાડવા ને પોષવા તેમણે મારા હૃદયમાં શુભ સંસ્કારો ભરવા માંડયા હતા. મારી આઠ જ વર્ષની વયમાં તેમણે મને રોજ પોતાની પાસે બેસાડી મારી પાસે ઇરાની મહાકવિ ફિર્દોસી તુસીનું ગુજરાતી ભાષાંતરમાં શાહનામાનું મહાકાવ્ય તેમ જ કવિ ગિરધરકૃત ગુજરાતી રામાયણ એ બંને પૂરેપૂરાં વંચાવ્યાં. એ કાળની મારી સ્મૃતિ હજી જેવી ને તેવી તાજી છે. કવિતાનું બીજ તો જન્મ સાથે જ પડેલું હોય છે, પણ એ બીજ ઉપર એમણે આ અમૃતનાં પાણી પ્રથમ છાંટયાં ને મારા સંસ્કાર જગાડયા. તે વેળાએ તો શાહનામાના તથા રામાયણના ઘણાયે વીરરસભર્યા પ્રસંગો જાતે ભજવી બતાવવાના પ્રયોગ પણ મેં કર્યા હતા! આજે કેટલાં પારસી કે હિંદુ માબાપો પોતાનાં કુમળાં બાળકો પર આટલી વયે આવા સંસ્કાર

પાડવાનો પ્રયત્ન કરતાં હશે વારૂ? કંઇ કંઇ સાદા, પદ્યાભાસમય ટુચકાઓ તે વેળાથી જ મારે મુખે નીકળતા હતા. મારા પિતામહને તો મને ઉંચી કેળવણી લેવા વિલાયત મોકલવાના કોડ હતા, પણ એ તો હું ચૌદમે વર્ષે મેટ્રીકવર્ગમાં જાઉં તે પહેલાં જ સ્વર્ગવાસ પામ્યા, અને પ્રતિકૂળ સંજોગો ઊભા થતાં વિલાયત તો શું, પણ મુંબઇમાં પણ મારી કેળવણી આગળ વધારવાનાં દ્વાર બંધ થયાં.

ત્રીજું નમન મારા મામાશ્રી રૂસ્તમજી બરજોરજી પેમાસ્તરને કરૂં છું. એમના નેક પિતાશ્રી તે મારા સ્વર્ગસ્થ માતામહને ત્યાં હું જ્યારે ભણવા માટે મુંબઇમાં રહેતો હતો, ત્યારે પદ્યમાં કવિતા લખવાના પહેલા પ્રયત્નો મેં મારી દશ વર્ષની ઉમ્મરમાં કીધા તે એમની જ એક અંગ્રેજી કવિતા વાંચીને કીધા હતા. ગુજરાતી અને અંગ્રેજી એ બંને ભાષામાં સાથેસાથે જ કવિતા લખવાના પ્રયત્નો મેં ચાલુ રાખ્યા હતા, અને એમણે તે અંગ્રેજી કવિતાઓ જોઇ સુધારી તે માટે યોગ્ય સૂચનો આપીને મને પ્રોત્સાહન આપ્યું હતું. ત્યારથી આજ સુધી એઓ મારા તેવા જ હિતચિંતક અને પ્રેમી રહ્યા છે, અને મારી કૃતિઓને પારસી વાચકો આગળ ધરવા પણ એમણે બનતું કીધું છે.

ચોથું નમન મારા ગુરુવર્ય તે અહીંની જાણીતી "ન્યુ હાઇસ્કૂલ"ના સ્વર્ગસ્થ હેડમાસ્તર શ્રી જાલભાઇ દોરાબજી ભરડાના પુણ્યાત્માને કરૂં છું. એમની હાઇસ્કૂલ મેં છોડયા પછી એમનો સંબંધ પણ મારાં જન્મસ્થળ દમણ સાથે હોવાથી એઓ ત્યાં વર્ષમાં બે વાર રજાના દિવસોમાં આવીને રહેતા, અને તે દરમિયાન એઓ મારા કવિતાવિકાસમાં ઘણો રસ લેતા. મારી "વિલાસિકા"ના હસ્તલેખ જોઇને એઓ બહુ સંતોષ પામ્યા, અને ઊંચી ભૂમિકાની કવિતા લખવા માટે મને ખરૂં માર્ગદર્શન કરાવવાના પ્રયાસો એમણે કરવા માંડયા. અંગ્રેજી કવિતાઓની જુદી જુદી શૈલીનું જ્ઞાન એમણે મને તે તે કવિતાઓ જાતે વાંચીસંભળાવીને આપ્યું હતું. ગુજરાતી કાવ્યસાહિત્યનો પરિચય પણ એમને સારો હતો, એટલે ગુર્જર કાવ્યસાહિત્યમાં કયાં કયાં અંગો ખીલવવાની જરૂર હતી, તે પણ મને એ સપ્રેમ બતાવતા હતા. જેમ જેમ કવિતાની દિશામાં મારી પ્રગતિ થતી ગઇ, તેમ તેમ મને જર્મન, ફ્રેન્ચ, ફારસી વગેરે બીજી ભાષાઓમાંની કવિતાની શૈલીઓનો ને ખુબીઓનો પરિચય કરાવતા ગયા. એમનું જ્ઞાન અને વાચન વિશાળ હતું, રસિકતા તેમ જ રસજ્ઞતા બહુ ઊંચી કોટિની હતી, સમભાવ અને સરલતા કોઇનો પણ વિશ્વાસ મેળવે તેવાં હતાં, હાસ્યરસિકતા ઊંડી ને મુકતપ્રાણ હતી, પોતાના ભૂત શિષ્યોનાં ભાવિ માટે એઓ સદાસર્વદા કાળજી રાખતા, સાહિત્યનાં અને વિજ્ઞાનનાં તમામ ક્ષેત્રોની સાથે એમનો પરિચય એટલો તલસ્પર્શી અને વિસ્તૃત હતો, કે તે તે વિષયોનું સત્ય માર્ગદર્શન તેના અભ્યાસીઓને કરાવતા, અને સૌથી મોટો ગુણ તો એમના બિનસ્વાર્થી સ્નેહનો હતો. મારી અંગ્રેજી કવિતાઓ માટે એ બહુ સંતોષ અને હર્ષ બતાવતા, અને તેમ છતાં એ તો મને હંમેશ એમ જ સ્મરણ કરાવતા કે મારૂં ખરૂં ક્ષેત્ર ગુજરાતી ભાષામાં જ હતું, અને તેને જ ખીલવવા મારે

જીવનપર્યંત પ્રયત્નો કરવા. આજે એ મારા સ્નેહી ગુરૂ હૈયાત નથી: હોત તો આજે તેમના શ્રમની સફળતા થતી જોઈને એઓ સંતોષ પામત. એમનું સ્થૂળ શરીર અહીં રહ્યું નથી, પણ એમના આત્માનો મીઠો સુવાસ એમના સહવાસમાં આવેલા એમના હજારો શિષ્યો કદી પણ ભૂલે તેમ નથી. આજે આ ઋણસ્વીકાર કરીને એમના અમર આત્માનું હું અહીં તર્પણ કરૂં છું.

પાંચમું નમન મને આધ્યાત્મિક વિદ્યા અને યોગસિદ્ધિનું માર્ગદર્શન કરાવનાર અને ત્રિકાલજ્ઞાનની ઝાંખી કરાવી, પ્રભુના સત્પંથે મને નાની ઉમરમાં જ ચડાવનાર મહાત્મા સિદ્ધયોગી તપેશ્રી કુબેરદાસજીના મુક્તાત્માને કરૂં છું. વિદ્વાન્ પવિત્ર અને આત્મજ્ઞાની ઘણાયે સાધુસંન્યાસીઓના સમાગમમાં હું આવ્યો છું, પણ અદ્ભુત શકિત ધરાવતા અને ભૂત–વર્ત્તમાન–ભાવિમાં અને સ્થળેસ્થળમાં આત્મદષ્ટિથી પલકવારમાં વિચરનાર આ યોગી જેવો કોઈ બીજો યોગી મને મળ્યો નથી. એની બાળક જેવી નિર્દોષતા અને સરળતા, એની પ્રભુપ્રીતિ, એનો સ્નેહ અને સમભાવ, એની સ્થળકાળવેધક દષ્ટિ, એ સૌ એની શકિતનાં શણગારરૂપ હતાં. એનાં વચનોની સિદ્ધિ આજ સુધી થતી આવતી હું જોઉં છું. એની જંગલમાં આવેલી એકાન્તને પવિત્ર મઢૂલીમાં મેં ગાળેલી બે રાત્રિઓ અને તેમાં મેળવેલું આધ્યાત્મિક જ્ઞાન હું જીવનભર એ વિદ્યાને લગતા ગ્રંથો વાંચત તોપણ કદી મેળવી શકત નહીં. એના સંસર્ગે મારા જીવનને આજ સુધી સ્વચ્છ અને પવિત્ર માર્ગે જ વહાવ્યું છે, અને એ જ્ઞાનનાં સંઘરેલાં કંઈક મોતીઓ મારી "દર્શનિકા" માં વેરાયલાં છે. એની પ્રતાપી છતાં પવિત્ર ને સરલ મુખમુદ્રા હું કદી ભૂલી શકીશ નહીં. જ્યાં હો ત્યાં એ મુકતાત્માને આ અલ્પાત્માનાં નમન હો !

મારૂં માનવજીવન અને કવિજીવન ઘડનારાં આ મુખ્ય ઋષિજનો છે. અને મારી કવિતાઓનાં પ્રકટન સાથે મારા સંબંધમાં આવેલાં મહાજનોનાં પણ સ્મરણ કરી મારૂં સમગ્ર આભારદર્શન અહીં કરી લઉં ને કૃતાર્થ થાઉં.

પહેલું સ્મરણ મારા મરહુમ હિતેચ્છુ કવિ દાદી એદલજી તારાપોરવાળાનું થાય છે. એ કવિ દલપતરામના શિષ્ય હતા, અને શુદ્ધ ગુજરાતીમાં દલપતશૈલીની સારી કવિતાઓ લખતા. એ મુંબઇના "માસિક મજાહ"ના તંત્રી હતા, અને એ માસિકમાં હિંદુ કવિઓ અને લેખકો પણ ભાગ લેતા હતા. ઇ. સ. ૧૮૯૭ ની આખરમાં સો દાર્ષ્ટાન્તિક દોહરા લખી મોકલવાની એમાં ઇનામી હરિફાઇ જાહેર થઇ હતી. એ અગાઉ મેં તો એક પુસ્તક ભરાય તેટલી ગુજરાતી કવિતા દલપતશૈલીમાં લખી હતી. એ હરિફાઇ માટે નહીં, પણ માત્ર રમતમાં મેં એ માગેલા દોહરા લખીને કવિ દાદીને તે મોકલી આપ્યા. એ દોહરા બીજા અનેક કવિઓના આવેલા દોહરામાં કવિ દાદીને સૌથી ઉત્તમ લાગ્યા, અને તે માટે એ માસિકના ૧૮૯૮ ના જાનેવારીના અંકમા મારે માટે એમણે મોટો લેખ લખ્યો ને મારી "બુચા કવિ" લેખે તેમાં પિછાન કરાવી. હું તો જાણે એ દિનથી વિખ્યાત થઇ ગયો ! અને ગુજરાતના તે

વેળાના દલપતશૈલીના અનેક કવિઓનાં અભિનંદનપત્રો ને પ્રોત્સાહનપત્રો મારા પર આવવા લાગ્યા. પછી તો મારી જોખમદારી વધી. "કાવ્યરસિકા" માંની ઘણી ખરી કવિતાઓ એ પછીનાં એક બે વર્ષમાં લખાયલી હતી. આ મારી જાહેર કવિજીવનની શરૂઆત.

એ પછી મારી "કાવ્યરસિકા" છપાવતી વેળા મને ઉત્તેજન આપનારામાં સ્વર્ગસ્થ પારસી કવિ બેહેરામજી મલબારી હતા. એમની પિછાન તો મેં તંત્રિત કીધેલા "મલબારીનાં કાવ્યરત્નો" નામના પુસ્તકમાં એમનાં જીવનકવન ઉપર લાંબો લેખ લખીને વાચકવર્ગને કરાવેલી છે. એમના જ મિત્ર સદ્ગત મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી પણ મારા પરમ હિતચિંતક હતા. જ્યારે જ્યારે હું દમણથી મુંબઇ જતો ત્યારે ત્યારે એમને ત્યાં હું દર સાંજે જઇ એમની જ્ઞાનગોષ્ઠિ સુણતો. ગુજરાતી ભાષાનો શબ્દવૈભવ, સંસ્કૃતની સહાયથી તેમાં લાવવી જોઇતી શબ્દાર્થની સચોટતા, નવા પારિભાષિક શબ્દોની રચના, કવિના ધર્મ, સંસ્કૃતમાંનાં ઉચ્ચ કાવ્યોની સર્વાંગસુંદરતા, આદિ અનેક વિષયો પર જ્ઞાનચર્ચા ચાલતી. મોટે ભાગે તો એ બધું હું પ્રેમથી શ્રવણ કરતો. મારી કવિતાઓનો આહ્લાદાયક પ્રસાદ એમને ઘણો ગમતો. મારા હૃદયને ચોમેરથી સુદૃઢ બનાવવામાં એ સ્નેહાળ અને પૂજ્ય વિદ્વાને પોતાની અમૂલ્ય ઘડીઓ સમર્પી હતી. એ પુણ્યાત્માને મારી હૃદયાંજલિ અહીં અર્પીને હું કૃતાર્થ થાઉં છું.

અને આ પુણ્ય સ્મરણોમાં ગુજરાતના સર્વમાન્ય સદ્ગત સાક્ષરો શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી તથા શ્રી રણજિતરામ વાવાભાઇનાં પુણ્યનામોનું પણ આલેખન કીધા વિના હું રહી શકતો નથી. એ બંને સમભાવપૂર્ણ વિદ્વાનોનાં પ્રોત્સાહન, માર્ગદર્શન અને આતિથ્ય પણ મેળવવા હું ભાગ્યશાળી થયો હતો. રણજિતરામે મારી પાસે અંગ્રેજીમાં છે તેવાં ને તે ધાટીનાં પ્રોત્સાહક "બેલેડ" કાવ્યો આપણા દેશના વીર પુરૂષો અને વીર્યપ્રદર્શક પ્રસંગોને લગતાં માગ્યાં હતાં અને પરિણામે "શૂરા બાવીશ હજાર," "વીર બાળક બાદલ" વગેરે બેલેડ કાવ્યો-શૌર્યકથાનક કાવ્યો મેં લખ્યાં, અને તે આજે તો ગુજરાતમાં લોકપ્રિયતા પામ્યાં છે. સદ્ગત ગોવર્ધનરામભાઇની સૂચના કવિતા સાથે તત્ત્વજ્ઞાનનો મેળ સાધવાને લગતી હતી. એ પ્રયત્ન કરવામાં એમની "સ્નેહમુદ્રા" નિષ્ફળ ગઇ હતી, એમ એમણે મને કહ્યું હતું. અખા ભગતે એ પ્રયત્ન કીધો હતો, પણ તેનું તત્ત્વદર્શન લીલોતરી વગરના ખડક જેવું થયું હતું. અમદાવાદની પ્રથમ સાહિત્યપરિષદ પછી હું એમને ત્યાં નડિયાદ બે દિન રહ્યો હતો, અને એ મારાથી બેવડી વયના હતા, છતાં એમણે મારી ઘણી સરભરા કીધી. એમની ઉપલી ચર્ચા અને એમણે દર્શાવેલી આકાંક્ષા આજ પચ્ચીશ વર્ષ પછી મારી "દર્શનિકા" ના મોટા પ્રયત્નમાં પરિણમી છે. "દર્શનિકા" ની પ્રસ્તાવનામાં એ વાત મારી અસહ્ય વેદના વચ્ચે નોંધાવી રહી ગઇ છે, તે આ પ્રસંગે પહેલી તકે જણાવીને હું કૃતકૃત્ય થાઉં છું.

હવે, આપણા સદ્‌ભાગ્યે આપણા સાહિત્યના જે મહારથીઓ આજે હયાત છે, તેમાંના લગભગ તમામ સજ્જનોએ મારા પ્રતિ સદા સ્નેહભાવથી જ જોયું છે, અને એ સર્વનો પણ આભાર હું અહીં દર્શાવી લઉં છું. આપણા આજના પ્રમુખ સાહેબ આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ, દિવાન બહાદુર કૃષ્ણલાલ ઝવેરી, દિવાન બહાદુર કેશવલાલ ધ્રુવ, સાક્ષરશ્રી બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, સાક્ષરશ્રી નરસિંહરાવ ભોળાનાથ, કવિશ્રી નાનાલાલ દલપતરામ, કવિશ્રી લલિતજી, સાક્ષરશ્રી મણિલાલ ઇચ્છારામ દેસાઈ, રાજેશ્રી કનૈયાલાલ મુનશી વગેરે સૌ વિદ્વાનોએ અને કવિઓએ મારી કૃતિઓ તરફ સદા સદ્‌ભાવ જ દર્શાવ્યો છે. મારી કૃતિઓની ટીકારૂપે કે તેઓના સત્કાર રૂપે જે જે વિદ્વાન વિવેચકોએ ઉપયોગી સૂચનો આપ્યાં છે, તે ભાવથી સત્કારીને મેં તેનો સદુપયોગ કીધો છે, અને આજે તો એ સૌએ મને, કશા પણ ભેદભાવ વિના, આશીર્વાદ આપીને ઉપકૃત કીધો છે. આપણું માનવજીવન અનંતત્વના આ સ્થળકાળરૂપ વિશિષ્ટ પ્રવાહમાં એટલું સંકળાયલું હોય છે, કે પ્રત્યેક વ્યક્તિ એકલું જીવન કદી ગાળી શકતી નથી. એ ગુંથાયલા જીવનમાં આપણે સર્વ અન્યોન્યાશ્રયે રહીએ છીએ, અને એકમેકને કંઇક આપીએ તેમ જ એકમેક પાસેથી કંઇક લઇએ છીએ. આજે એ સર્વ હાજરગેરહાજર વડીલ તેમ જ સ્નેહી બંધુઓને હું અંતઃકરણપૂર્વક નમસ્કાર કરૂં છું.

અને આ ટાણે, જે એક મુખ્ય વ્યક્તિએ મારી કૃતિઓને પ્રથમથી જ ગુજરાતની ભૂમિની તળબદી પેદાશ જેવી પિછાની લઇને ગુર્જર પ્રજા સમક્ષ તેઓને વધારે પરિચિત કીધી, તે વ્યકિત માટે તો તેની ગમે તેટલી ના છતાં પણ હું કેમ મૌન રાખી શકું ? મારા મિત્ર કવિ નાનાલાલે કહ્યું છે કે “વડોદરા એટલે ગુજરાતની કાવ્યરાજધાની.” ગુજરાતના ઉત્તમ કવિવરો પ્રેમાનંદ અને દયારામના જીવન એ જ સ્થળે વહ્યાં હતાં. એ રાજધાનીમાંથી નીકળતા “સાહિત્ય” માસિકે મારી કૃતિઓની સતત કદર કરી છે. ગુજરાતનાં લોકહૈયાંને સારી પેઠે પિછાનતા અને તેના પ્રતિનિધિ જેવા એ માસિકના તંત્રી ભાઇશ્રી મટુભાઇ કાંટાવાળા એમના માનવંત સદ્‌ગત પિતાશ્રી હરગોવિંદદાસને પગલે ચાલી, ગુજરાતી સાહિત્યની અખંડ સેવા બજાવે છે. મારી રંક કૃતિઓને આજ સુધી એમણે સત્કારીને જનસમાજમાં સત્કારાવી છે, એટલું જ નહીં, પણ આજના પ્રસંગનો વિચાર કરવા “સ્નેહ અને સેવા”ના મુદ્રાલેખને સદા ભાવભેર આચારમાં મૂકતા આવેલા આપણા ઉત્સાહી વિદ્વાન મિત્ર રાજેશ્રી ચંદ્રશંકર પંડયાએ એ જ “સાહિત્ય”માં છ માસ પર પોતાનો પ્રથમ “ડંકો કેંકયો,” ત્યારે તેને ઝીલી લઇને ભાઇશ્રી મટુભાઇએ પોતાની કર્ત્તવ્યનિષ્ઠા જાહેર કરીને અનેક પ્રતિકૂળ સંજોગો છતાં તે પાળી પણ છે. ગુજરાતી ભાષાની ઉન્નતિમાં પારસી લેખકોને શુદ્ધિ તરફ દોરીને તેઓને સાથે રાખવાનો એ ભાઇનો આગ્રહ જાણીતો છે. વડોદરાની કાવ્યરાજધાની એવી રીતે ગુજરાતની બધી કોમોને અપનાવી લઈ એક જ ગુર્જર સાહિત્યનો ગર્વ માણી શકે છે. રાજેશ્રી મટુભાઈ ગુજરાતની

સર્વ કોમોની માળાના દોરા જેવા છે. એમને આ પ્રસંગે પારસીઓ તરફથી મારા આભાર સાથે વંદન કરું છું.

એક નામ જે પરોક્ષ રીતે મારા હૃદયમાં ને જીવનમાં બાર વર્ષથી ગુંથાયલું છે, તે ભારતપુત્રોને બાર બાર સૈકાની ઉંઘમાંથી જાગૃત કરીને તેઓને ખરા વીર બનાવનાર **મહાત્મા ગાંધીજીનું** છે. જે સ્વપ્નં હું ૧૮૯૯ થી સેવતો આવ્યો છું તે સ્વપ્નાં એ મહાત્માએ આજે પ્રત્યક્ષ રૂપે મારી આગળ ખડાં કીધાં છે! ગુજરાતને આંગણે દેશભક્તિના દીપ તો દલપત-નર્મદના કાળથી સળગ્યા હતા અને એ દીપ કવિ દલપતરામ અને હરિલાલ ધ્રુવના અવસાન પછી તુરત જ કોઇ અદૃષ્ટ શક્તિએ મારા હાથમાં મૂકયો, તેમાં મારા જીવનની જ્યોત મેળવી, મારા હૃદયનો સ્નેહ અખંડ ધારે પૂરીને મેં યથાશક્તિ આજ સુધી તેને જળતો રાખ્યો છે. એ દીપમાં એ મહાત્માનું પ્રબળ આત્મતેજ પણ પડયું છે, અને એ મહાત્માએ પોતે પરોક્ષ કે અપરોક્ષ રીતે મને સદા પ્રોત્સાહન આપ્યું છે. ગુજરાતની અને ભારતભૂમિની પુરાણુ કીર્તિનો ડંકો સારા જગતમાં વગાડનાર એ પ્રાણ અને પ્રેરણાપૂરક મહાત્માને પણ મારાં વંદન હો!

વ્યક્તિઓનો ઋણસ્વીકાર કીધા પછી હવે મારી કવિતાના સ્વરૂપ-બંધારણનું ઋણ પણ અહીં સ્વીકારી લઉં. દલપતકાવ્યનાં બંને મોટાં પોથાં સ્કૂલ છોડયા પછી હું વાંચી ગયલો. તે જ અરસામાં નર્મકવિતા પણ વાંચી. પણ કવિતારચનાની શૈલી તો દલપતરામની જ સ્પષ્ટ રીતે આકર્ષક નીવડી. એ શૈલીનું અનુકરણ મેં લક્ષપૂર્વક કર્યું. "પ્રવીણસાગર"નો મોટો વ્રજ ભાષાની કવિતાનો ગ્રંથ પણ એ જ અરસામાં મેં વાંચેલો, અને ચિત્રકાવ્યો પણ ઘણાં ચીતરેલાં. એ શૈલી મારી "કાવ્યરસિકા"માં મોજુદ છે. આ દલપતશૈલીની કવાયતમાં મારી પદ્યરચના મૂળથી જ ઘડાતી ગઇ, અને તેમાં જે સરલતા ને વિશદતાના ગુણ છે તે એ કવાયતને લીધે જ છે. ચીચીમા પથ્થર મોંમાં મૂકીને ચાવતાં દાંત પણ ભાંગે અને રસ પણ નહીં મળે, અને ચાવનાર તેને આખરે મોંમાંથી થુંકી નાંખે એવી અસરલ અને અવિશદ રચના તેના વાંચનારને આકર્ષતી નથી, અને આખરે તે લોકહૈયાને સ્પર્શ કીધા વિનાની રહી જાય છે. સરલતા અને સચોટતા વિના કાવ્યત્વની સિદ્ધિ અધુરી જ રહે છે. નાળીએરનાં કાટલાંકોચલાં ભાંગવાની કે કઠણ શેરડીને ચાવવાની ઉપમા કવિતાના ઊંડા ધ્વનિતાર્થ માટે ભલે સાર્થ હો, પણ તેની પદ્યરચના માટે તો તે નથી જ. વાણીનો પ્રસાદ, તેની સરલતા, વિશદતા, મધુરતા અને સચોટતાના પ્રથમ મહત્ત્વના ગુણ વિના કદિ સધાતો નથી. એ પ્રસાદ હોય ત્યારે જ કવિત્વનું શુદ્ધ અમૃત વાંચનારના હૃદયમાં રેડાય છે. જર્મન ફિલસૂફ નીત્શેએ એક ઠેકાણે કહ્યું છે તેમ કેટલાક કવિઓ પોતાની કવિતાનાં પાણી ડહોળાયલાં કરે છે કે જેથી તે વધારે ઊંડાં દેખાય! પણ પાણીનાં ઊંડાણ દેખાડવાનો આ ભ્રમ બહુ વાર ટકી શકતો નથી. પાણીની નિર્મળતા જ આકર્ષક અને ગુણકારી છે; એ પછી તેમાં ઊંડાણ હોય તો બેશક તેનાં મૂલ્ય સોનું ને સુગંધ સાથે મળે તેવાં જ થાય.

વળી, મારી કાવ્યપ્રેરણાઓ કંઇ એક જ ઠેકાણેથી નથી આવી. દલપતરામમાંથી સરલતા, છંદપ્રભુત્વ, સાહિત્યની ઉચ્ચ પવિત્રતા ને નીતિમત્તાનો આદેશ, એ ગુણો પ્રારંભમાં મારી કવિતાના આત્માએ ઉતાર્યા, તો નર્મદ ને હરિલાલ ધ્રુવમાંથી દેશભક્તિની જ્વાળા ભરતો વીરરસ મારા હ્રદયને સદાનો છાઇ રહ્યો. ભાલણ, નરસિંહ મહેતો, મીરાં અને દયારામમાંથી શબ્દોનાં ને રસનાં માધુર્ય મેં મેળવ્યાં, પ્રેમાનંદ અને શામળમાંથી મને નવે રસમાં વિચરવાની કૂંચી હાથ લાગી, અખા ભગતમાંથી અનુભવના જ્ઞાનભંડારને લોકવાણીમાં ઉતારવાની શબ્દશક્તિ મેં સંપાદન કીધી, અને ગોવર્ધનરામના પુરાણ-રૂપ "સરસ્વતીચંદ્ર"માંથી દેશ, સંસાર, ધર્મ, આલોક પરલોક વગેરેનાં અનેક સ્વપ્ન હું સેવતો થયો. અંગ્રેજી અને યુરોપની અનેક ભાષાઓના ઉત્તમ કવિઓ અને લેખકોના પ્રાચીન અર્વાચીન ગ્રંથોના અભ્યાસે મારી કવિતાની દૃષ્ટિમર્યાદા ઘણી વિશાળ કરી, અને આપણા દેશના ઇતર પ્રાંતોની ભાષાઓનું આર્યધન પણ મારા હ્રદયભંડારમાં મેં ઉમેર્યું. મારા આધુનિક વડીલ કવિબંધુઓ નરસિંહરાવભાઇ, નાનાલાલભાઇ અને સદ્‌ગત મણિશંકરભાઇ વગેરેના કાવ્યગુણોને પણ મેં ભાવથી અપનાવ્યા છે. એ સૌના સંભારમાંથી સંસ્કાર પામેલું પૂતળું તે આ તમે જેવી ગણો તેવી મારી કવિતા છે. સાહિત્ય એ કોઇ એક જ દેશ કે જાતિ કે કોમની મતા નથી. એ તો સમસ્ત માનવ જાતિનો હજારો વર્ષોનો સંચિત જ્ઞાનભંડાર છે. જ્યાંથી સારૂં લાગ્યું ત્યાંથી તે લાવીને આપણી ગુર્જર કવિતાદેવીના શણગારમાં મેં ગુંથ્યું છે, પણ એ ગુંથણકળા આપણી પોતાની દેશજ છે. એમ કરવામાં મેં કશી નાનમ માની નથી. પણ એ તો બધાં મૂળરૂપ કવિતાનાં સાધન છે. અને એ બધું વિચારતાં એક જ સૂત્ર યાદ આવે છે કે "રણ જિતે તે શૂર." એ રણ પછી તરવારે જિતો કે બંદૂકે, કે કોઇના હાથમાંથી પડી ગયલી ધ્વજાની ભાંગેલી કાઠીએ. મોટા મહારથીઓ શૌર્યથી અને પોતાના આત્મબળથીજ જિત મેળવે છે; હથિયાર તો તેનાં સાધન માત્ર છે.

હું જાણું છું કે મારી કવિતાનું અધુરાપણું હજી ઘણી દિશામાં છે. હજી ધારેલાં ઘણાં ક્ષેત્રો અણખેડાયલાં પડયાં છે. માનવજીવન ટુંકું છે, માનવજીવનની આશાઓ લાંબી છે; માનવહ્રદયની શક્તિ પરિમિત છે. માનવહ્રદયનાં વાદળાં આકાશનાં અગાધ ઊંડાણોમાં ઉડવા જાય છે. પણ એ જીવનનું ઘડિયાળ એક દહાડે ચાલતું બંધ થશે, અને ત્યારે તો કવિ મોટો હો કે નાનો, પણ તેની તુલના પ્રથમ તો માનવી લેખે જ થશે. કવિ થવામાં જ કે મોટા કવિ કહેવડાવવામાં જ કાંઇ માનવજીવનની સફળતા નથી. કવિને પણ માનવતાનું શુદ્ધ, આદરણીય ને આદર્શરૂપ જીવન ગાળવાનું હોય છે. કવિ પ્રથમ મનુષ્ય અને પછી કવિ છે. એટલે એને પ્રથમ મનુષ્યતાનું સાફલ્ય કરવાનું છે. એના શબ્દોની પાછળ એનું પોતાનું ચારિત્ર્ય ઉચ્ચ અને ડાઘહીણ રાખવાનું છે. સાહિત્ય જે માનવજાતિની સદ્‌પ્રવૃત્તિ અને તેના સદ્‌વિજયની સાચી નોંધપોથી છે. તેને સત્યધર્મથી કદિ નોખું રાખી શકાય નહીં. સાહિત્ય તો માનવજાતિની અમર

અને ઉચ્ચ પ્રાપ્તિઓનો, તેનાં દેવમાર્ગે ઝબકી રહેતાં ધ્યેયોનો, તેની અવિચળ આશાઓનો સંચિત ઉદ્દગાર છે. કવિપણા કરતાં માનવહૃદયની એ ઉચ્ચતા સાધવાના અને જાળવવાના પ્રયત્નો હું સદોદિત કરતો રહ્યો છું, અને એટલી તો હું તમો સર્વને ખાતરી આપી શકું કે આ તમારાં સન્માન અને સ્નેહવર્ષણથી મારા કવિપણાને વાયુયાન–airshipના વાયુના મોટા કોથળા જેવો ફુગારો કદી પણ નહીં આવે. એ કવિપણા કરતાં પણ સાચી મનુષ્યતાનાં મૂલ્ય હું વધારે આંકું છું.

રસિક બંધુઓ અને બહેનો! આપણી ભારતભૂમિની અને આપણી ગરવી ગુજરાતની વસંત ક્યારની બેસી ચૂકી છે. એ વસંતના પ્રોત્સાહક વાયુથી ચોમેર નવી પ્રેરણાઓ, નવાં ચેતન અને નવાં જીવન ફૂંકાઇ રહ્યાં છે. આપણા આ પુરાણ દેશમાં જે નવો પ્રાણ આવેલો દેખાય છે, તે નવા યુગની વધાઇ દે છે. એ પ્રાણના પ્રકાશ ભારતના અન્ય પ્રાંતોના તેમ જ ગુજરાતના કવિઓએ પ્રથમથી જ ઝીલ્યા છે. દેશની કે દેશના લોકોની સાચી ઉષ્ણમાન શીશી–થર્મોમિટર–તે તેનું સાહિત્ય છે, અને છેલ્લાં થોડાં વર્ષમાં ગુજરાતી સાહિત્યે જે પ્રગતિ કીધી છે, તે તેના ભાવિને ઉજ્જ્વળ કરવાનાં અને તેવું રાખવાનાં જ શુભ ચિહ્ન દેખાડે છે. આપણે ત્યાં ઘણા ઉગતા કવિઓ અને લેખકો આપણને મોટી આશા આપી રહ્યા છે. સાહિત્યના અંગને વિશુદ્ધ અને આરોગ્ય રાખવું એ સૌ સાહિત્યકારોનો ધર્મ છે. અમે વનમાં પેઠેલા કે તેનીયે પાર નીકળેલા જૂના કવિઓ અને લેખકો અમારા દેશના આ નવા પ્રાણ જેટલા ઝીલાય તેટલા ઝીલશું, અને અમારા અનુભવ સાથે તેને મેળવીને બનશે તેટલું માર્ગદર્શન પણ કરશું. પણ જગતની આશા તો જોબનધારીઓ પર જ રહે છે. યૌવનનાં તેજ ઓર છે! તેમાં અનુભવની ખામી હશે, પણ પ્રેરણા અને પ્રાણનાં જોમનું પૂર તો તેમાં ભર્યું ભર્યું ઉછળતું ધસે છે. જગતના મહાવિજયો– શું રાજ્યમાં, ધર્મમાં કે સમાજમાં–તો જોબનધારીઓએ જ કીધા છે. પણ એ પ્રેરણા અને પ્રાણનાં પૂરને આપણી જગતજૂની આર્ય અસ્મિતા, આર્ય ખાનદાની અને આર્ય ધાર્મિકતાના મહાનદના પાટમાં જ આપણે વહેવડાવવાં જોઇએ. વસંત નવાં પત્ર અને ફૂલ ઉગાડે છે, પણ તે તે દેશનાં વૃક્ષ કે છોડ કાંઇ બદલાતાં નથી. દેશ કે જાતિના યુગયુગના ખિલાવ તેના પ્રાણના વ્યકિતગત વિકાસના વહનમાર્ગે જ થાય છે. વસંતમાં કુદરતની લીલામાં બધું નવું નવું જ દેખાય છે, પણ તે તેનાં મૂળ જૂના ઘાટની સમગ્ર પ્રમાણતાથી કે ફેરમથી જુદું હોતું નથી. યૌવનની આંખ નવીનતા તરફ સદા ખેંચાતી રહે છે, અને સૌંદર્યમાં તેમ જ સાહિત્યમાં એ નવીનતાનું ભૂત ઘણાં મગજોને નડે છે. કળાનું નવું રૂપ કે તેનો નવો માર્ગ શોધી કાઢી શકાય, પણ એ રૂપ કે એ માર્ગ તે વસ્તુ કે તે સ્થળના વ્યકિતત્વને અનુરૂપ કે અનુકૂળ હોય તો જ એ નવીનતા સાર્થક છે. પ્રભુ સર્જક છે, અને તેને હાથે આ અબજો માણસો પુરાતન કાળથી ઘડાતાં આવે છે, અને એ સર્વમાં તે પોતાની અદ્ભુત કળાથી અવનવાં રૂપો ઘડે છે, અને સૌંદર્યનાં અનેક નવનવાં રૂપો તે સાધે છે. તેને આ માનવીના

સિદ્ધ કરેલા રૂપમાં મૌલિક ફેરફાર કરવાનું સૂજતું નથી, કે એ જ રૂપમાં ને શરીરના એ જ અવયવોની મર્યાદામાં નવીનતા લાવવા તે એવા અપ્રમાણુ ફેરફાર કરતો નથી કે તેથી મનુષ્યનું સિદ્ધ રૂપ જ બદલાઇ જાય. જૂનું એટલે ત્યાજ્ય એવી ખોટી સિદ્ધાન્ત-કોટિ કેટલાક બાંધે છે, અને પોતાની અપૂર્વતા બતાવવા તેમણે કોઇ જુદે ને નવે માર્ગે જવું જ જોઇએ, એવી માન્યતા તેઓ ધારણ કરે છે. વિલાયતના તેમ જ આપણા દેશના સાહિત્યમાં હાલ એવું ઘણું થાય છે. જાણે આપણા પૂર્વજો બે પગે ચાલતા હતા તે રીત હવે જૂની તેથી રેઢીયાળ ગણાવી જોઇએ. અને આપણી નવીનતા તો ત્યારે જ દેખાય કે જ્યારે આપણે ચાર પગે ચાલીએ ! આવું માનસ સાહિત્યમાં અપૂર્વતા કોને કહેવાય તે કદી સમજી શકવાનું નથી. એવી નવીનતામાં નથી નવી શૈલી કે નથી નવા પ્રાણ. કુદરતમાં તેમ જ સાહિત્યમાં એવી કહેવાતી નવીનતાઓ નપુંસક રહી જાય છે. કળાના ધોરી માર્ગે જ જતાં સ્વપ્નો અને પ્રેરણાઓ અપૂર્વતાથી નવું મૂર્ત સ્વરૂપ લઇ શકશે, અને તેમાં પ્રગટાવવા ધારેલી બધી અપૂર્વતા પણ ઝળહળી રહેશે.

વળી નવા કવિ થવા ઇચ્છતા યુવકો જાણે ગરબા ને રાસમાં જ બધી કવિતા સમાઇ જાય છે એમ ધારે છે, અને રાસથી જલદી લોકપ્રિયતા સધાય છે, એવા ભ્રમમાં સહેજે પડી જાય છે. આપણી કવિતામાં ગરબા ને રાસને ચોક્કસ સ્થાન છે, એ કબૂલ; પણ તેથી કવિતાના સીમાડા એ રાસ આગળ જ અટકી ઉભા રહેતા નથી. કવિતાનાં જુદાં જુદાં અંગો ખીલવવાનો પ્રત્યેક સાચા કવિનો ધર્મ છે. મહાકાવ્ય, નાટ્યકાવ્ય, તત્ત્વદર્શી કાવ્ય, વર્ણનકાવ્ય, કથાનકકાવ્ય, ઊર્મિકાવ્ય, સંગીતકાવ્ય, ગોપકાવ્ય આદિ કવિતાનાં મુખ્ય અંગો આપણી આધુનિક ગુજરાતી કવિતામાં કેટલાં ખીલ્યાં છે, કે એ પ્રતિ કેટલા કવિઓ પોતાની દૃષ્ટિ ફેરવીને તેમાં સિદ્ધિ પામવા મથે છે, તે જોવાવિચારવાનો સૌ કાવ્યકારોનો ધર્મ છે. ગુજરાતી કાવ્યસાહિત્યની વૃદ્ધિ માટે હવે નવીન કવિબંધુઓએ એ બધાં ક્ષેત્રોમાં ફરી વળવું જોઇએ. એ માટે આપણા દેશમાં સાધનની ખોટ નથી. નવા પ્રાણ ફૂંક્યા વગર નવી કવિતા જન્મતી નથી. સાહિત્ય તો જીવતા જીવનમાંથી ઉપજાવવાનું છે, *અને તેમ થશે તો જ દૂધમાંથી માખણ નીકળે તેમ નવું પૌષ્ટિક અને રસદ સાહિત્ય ઉપજશે. શબ્દમાં અપૂર્વતા છે તે પડઘામાં નથી.*

મુંબઇ નગરીનાં રસીલાંઓ ! આ તમારી ભારતશ્રેષ્ઠ નગરીના વેપાર ને ઉદ્યોગનો કોલાહલ તમારાં આંગણાંમાં સદા તરવરી રહ્યો છે, આ તમારી મીલોનાં ભૂંગળાંના ધુમાડા આકાશને વાદળાં જેવા ઘેરી રહ્યા છે, આ તમારાં કારખાનાં અને ગોદીઓમાં નિશદિન ચાલી રહેલાં અગ્નિયંત્રોના રાક્ષસી ધુધવાટા કાનમાં અનેરા પડઘા પાડે છે, આ તમારાં ઝવેરી બજારો અને શેર બજારોની સોનેયા રૂપૈયાની છોળ તમારા બેટની આજુબાજુ ઉડતાં સિંધુમોજાંની છોળ જેવી ઉડી રહી છે, આ તમારાં આકાશને અડવા જતાં મકાનો, મંદિરો ને મિનારાઓના

લાંબા પડછાયા નગરમાર્ગને ઘેરી રહ્યા છે, આ તમારી વિદ્યુત્પ્રવાહે નિરંતર ધસતી ટ્રામો અને ટ્રેનોના ધમધમાટથી ધરણી ધ્રૂજી રહી છે, અને તમારી ભરચક માનવમેદનીનો પ્રવાહ રાત ને દિન તમારા રસ્તાઓ પર વહી રહ્યો છે, ત્યાં તમે સૌ તમારા દેશના સાહિત્ય માટે રસ રાખીને રહ્યાં છો, અને એ બધી ધમાલ વચ્ચે, તમારાથી હજાર ગાઉ દૂર વસતા સાહિત્યના એક નમ્ર પૂજારીની અલ્પાલ્પ સેવાઓનાં સ્મરણ આવી ગુણજ્ઞતાથી, આવાં દિવ્ય સ્નેહવર્ષણથી, આવાં ઉદાર આતિથ્યથી અને આવાં રાજવી સન્માનથી તમે આજે કરી રહ્યાં છો, તે જેટલાં તમારી અમીરી અને સાહિત્યરસિક દૃષ્ટિનાં સાક્ષીરૂપ છે, તેટલાં જ તે ગુજરાતી ભાષા બોલતી તમામ પ્રજાને અભિમાનરૂપ છે. કવિની ગુણપૂજા એટલે સરસ્વતીની ગુણપૂજા, અને સરસ્વતીની ગુણપૂજા એટલે આત્મોન્નતિમાર્ગનાં ધન્ય પગલાં ! રાજ્યો, મહારાજ્યો, પાર્લ્યમેંટો, સમાજો, સમવાયો, તેમજ મહેલો, મંદિરો, જયસ્તંભો, સ્મરણસ્તૂપો, કિલ્લાકોટો, એ બધાં કાલકંદરામાં પડી ભુંસાઇ જશે, પણ સરસ્વતીના સ્થૂળ શરીરરૂપ સાહિત્ય સદા અમર રહેશે, અને માનવજાત પોતાના સંચિત કીધેલા સાહિત્યથી જ આગળ વધશે. લક્ષ્મીદેવીની રેલછેલથી તમારાં ગૃહમંદિરો સદા સુશોભિત રહો, પણ આપણી આર્ય ભાવનાની લક્ષ્મી તે કંઇ સોનૈયા રૂપૈયાની ધાતુપૂતળી નથી, કે નથી તે શેરો ને નોટોનાં લાલ લીલાં ચિત્રામણોથી ચીતરાયલાં કાગળિયાંનાં વલ્કલ ધારણ કરતી કોઇ વનસુંદરી. આપણી લક્ષ્મી તો સૌંદર્ય, નેકી અને પરોપકારથી ભરપૂર વિપુલ સમૃદ્ધિની આદર્શ દેવી છે ! તમારી એવી લક્ષ્મીની રેલછેલમાં તમે જેમ તમારી નેકી, પરોપકાર અને સખાવતથી તમારી વિપુલ સમૃદ્ધિની સિદ્ધિ કરો, તેમ પ્રભુના આ વિશ્વનું અને માનવીનાં હૃદય ને બુદ્ધિનું સૌંદર્ય જે સાહિત્યમાં અમર સ્થાન પામ્યું છે, તેને પણ એ તમારી વિપુલ સમૃદ્ધિનો પ્રસાદ આપો !

અને એ લક્ષ્મીને તમારે ઘર આંગણે શોભાવવાના તમારા બધા વ્યવસાયમાં પણ તમે આજે આ સરસ્વતીસત્ર ઉજવ્યું છે, એ તમારા હૃદયમાં હજી આપણી કાળજૂની આર્યભાવના ઉછળી રહી છે, તેનું જ ધન્ય દર્શન છે. કવિતાનો આનંદ શુદ્ધ આત્મિક આનંદ છે. જેના માથામાં ભેજું ઓછું અને કાનનો મેલ વધારે ભરાયલો હોય, કે જેના હૃદયને ભાવની ભરતીની છોળનાં મોતીડાં કરતાં સાગરતળિયે છીપની માછલીમાં રોગરૂપ પાકતાં સ્થૂળ મોતીઓના ચમકારા વધારે આકર્ષતા હોય, તેવાઓને માટે કવિતાના ઊંચા આનંદ નથી. કવિતા એ દેહની કે મગજની બોલી નથી, પણ ખુદ આત્માની વાણી છે. કવિની કલ્પના એ પરમાત્માની સૃષ્ટિ કલ્પનાનું જ અંગ છે. જગતના સર્વ પયગંબરો અને ધર્મના મંત્રદ્રષ્ટાઓએ પોતાના પ્રભુદત્ત સંદેશા કવિતાની વાણીમાંજ જગતને આપ્યા છે. પ્રભુનું વિશ્વ તે પ્રભુની કવિતા છે, અને એ જ વિશ્વના અમર આનંદને પોતાના સૂક્ષ્મ હૃદયમાં ઝીલીને કવિ પાછો તેનાં અમૃત પોતાના જનબંધુઓ પર વરસાવે છે. ભારતભૂમિમાં આજે જે નવો યુગ બેસે છે, તેની કલ્પનાના અંગારા ભારતના કવિઓએ પોતાના શ્વાસથી

અને પોતાના આત્મહોમથી પ્રદીપ્ત રાખ્યા હતા; અને એ પ્રદીપ્ત રહ્યા તો જ એ કલ્પના આજે એક મહાન કર્મયોગીના શબ્દચમત્કારથી કાર્યમાં પરિણમી છે. આ અણગણ વિશ્વના પ્રવાહને પણ પરમાત્મા કલ્પનાથી જ આગળ ધપાવે છે.

કવિતારસિક બંધુઓ ને બહેનો! એવી દિવ્ય આનંદ આપતી કવિતા રચવાનો દાવો હું કરી શકું તેવી સ્થિતિમાં હું નથી. હું જાણું છું કે મારો કવિતાનો દીપ બહુ નાનો અને ઝાંખો છે, અને તોય અનેક પ્રતિકૂળતા વચ્ચે તેની અખંડ રક્ષા કરી મેં તેને જીવનભર સાચવી રાખ્યો છે. અનેક વાયરાવંટોળિયા એને નડયા છે, અને તોય એની આજુબાજુ મારા આત્માના હાથ પ્રસારી તેની ઢળી પડતી જ્યોતને પાછી ઉંચે બળતી કીધી છે. એ દીપ પ્રભુનો દીધેલ છે, તે પ્રભુના જગતમાં કોઇ હોલવી શકે તેમ નથી. અને આજે તો તમે સૌએ એ દીપમાં તમારો ભરછક સ્નેહ પૂર્યો છે, અને તેને તમારી આશિષોની પ્રબલેચ્છાથી પાછો સંકોર્યો છે. એ દીપ મારા આત્માની સાથે અખંડ બળશે, કારણ કે એ દીપ મારા આત્માનો જ જેવો તેવો પ્રકાશ છે. એ દીપની હું અખંડ સંભાળ રાખીશ એમ બોલવું એ તો જ્યોતિને અગ્નિથી છૂટી કરવા જેવું છે. જીવશું ત્યાં સુધી શીવશું, અને ગુર્જર કાવ્યદેવીની સેવા કરશું. શરીર અગ્નિ જેવું ધગધગતું હોય, માથું ફાટફાટ થતું જીવને ડહોળાવી નાંખતું હોય, સંસારનાં સુખદુઃખના વાયરા જીવનનાં ફૂલને કરમાવી દેતા હોય, કે કુટુંબપોષણના ધમપછાડા હૃદયના તારોને હચમચાવી નાંખતા હોય;–પણ એ સર્વ સ્થિતિમાં ગુર્જરીની સેવા એ જ આત્માનું રટણ રહ્યું છે. સેવામૂર્તિ હનુમાને હૈયું ચીરીને રામનું નામ ત્યાં અંકાયલું દેખાડયું હતું એવી અટલ શ્રદ્ધાની કળા મને આવડતી હોત, તો હું પણ આજે મારૂં હૈયું ચીરીને દેખાડત કે અંદર મારી પ્રિય "ગુર્જરી"નું નામ કેવા સ્પષ્ટ રુધિરના વિજયાક્ષરે ત્યાં કોતરાયલું છે! ગુર્જરીનાં શૌર્ય અને સંયમની કીર્તિકથા તો આજે નવે ખંડમાં થાય છે, તેમ ગુર્જરીના અમર સાહિત્યનાં ગુણગાન પણ નવે ખંડમાં ગાજી રહો, એ જ મારા અંતરાત્માની અહોનિશ અભિલાષા છે! ગુણવંતી ગુજરાત, ગરવી ગુજરાત, અમારી ગુજરાત, ઓ ગુજરાત, સદાકાળ ગુજરાત, ગુણગરવી ગુજરાત, ગુણીયલ હો ગુજરાત, સૌની પહેલી ગુજરાત–વગેરે આ અનેક વિશેષણોથી વિભૂષિત ગુજરાતનાં ગુણગાન જીવનભર હું કરતો જ રહ્યો છું અને જીવનપર્યંત કરીશ. ગુજરાતનો કવિ તે તમારી ધજાનો ધરનાર છે, તમારા ઝંડાને આકાશમાં ઉડાવનાર છે. કવિ યુગસૂરને ઝીલનાર છે, યુગધર્મને પ્રબોધનાર છે, અને નવયુગની આશાઓને આંખમાં ભરીને તેના ચમકારા કરનાર છે. કવિ નવયુગના આગમનનું રણશીંગું ફૂંકનાર છે. એ રણશીંગું પા સૈકા આગળથી ગુજરાતના કવિએ ફૂંક્યું હતું, અને આજે તો એ નવયુગની પધરામણી થાય છે. ગુજરાતીઓ! ગુજરાતની એ નવી વસંતલીલા માણો અને આનંદો! અસ્તુ!

અને જીવનભર આ હૃદયગાન ગાતા છતાં કવિતા—પેલી આકાશમાં છતાં જાણે આંખો આગળ જ સદા તરતી હોય એવી દિવ્ય કવિતા—મારું પરમ ધ્યેય—એ તો હજીયે મને દૃષ્ટિમર્યાદા પર જ જાણે દેખાય છે! મારી હોડીને વાણીસિંધુ પર મેં જીવનભર હંકારી છે. અનેક અનુકૂળ કે પ્રતિકૂળ પવન પ્રતિ મેં એના શઢનું સંધાન સાધ્યું છે. અનેક ઊર્મિઓની છોળથી એ છંટાઇ છે, તેમ અનેક ઊર્મિ પર એણે સ્વારી પણ કીધી છે. પૂર્વ ને પશ્ચિમના ઉષા ને સંધ્યાના રંગોની બુટ્ટાદાર ચિત્રયવનિકા યા પીછવાઇથી ઘડીભર અંજાતી, થોભતી, એ પાછી આગળ વધતી ગઇ છે. આકાશના અમૃતમેઘનાં છાંટણાંથી એના શઢ સાથે સકળ અંગે એ ભીંજાઇ છે. પણ એનું સૂકાન તો પેલા દૂરના દિવ્ય પ્રકાશ તરફ જ સદા વળેલું રહ્યું છે. અને પેલું ધ્યેય, પેલી દિવ્ય જ્યોતિ, જે જન્મ સાથે આંખોમાં સમાયલી છે અને જે સદા દૃષ્ટિમર્યાદા પર જ દેખાયાં કરે છે, તે તો હજી તેમની તેમ છે. એ દિવ્ય કવિતાજ્યોતિ પાસે એ રંક હોડી કદિ પણ જઇ શકશે નહીં, એ પ્રતીતિ હૃદયમાં થતા છતાં હજી એ સૂકાન તો તે તરફ જ અનાયાસે વળે છે. હાથ જર્જરિત અને ધ્રૂજતા થયા છે, આંખનાં પોપચાં મીંચું મીંચું થતાં જાય છે, કીકીનાં તેજ પણ ઝાંખા થયાં છે, અને એક દિન એ હોડીની આજુબાજુ આ પૃથ્વીની આ પારનાં અંધારાં ફરી પણ વળશે! ભલે તે ફરી વળો! એ પણ સુંદર અંત છે. જગત બધું પણ આ અપ્રાપ્ય જ્યોતિ તરફ જ નિરંતર ધસે છે, તો જગતની અંધારી ગુહાઓમાં ફરી વળવા મથતો કવિ એની એ નિરંતર દૂર જતી જ્યોતિનું સૌંદર્ય ઝાલવા જીવનભર મથન કરી કરીને પણ એ જ્યોતિમાં જ પોતાની કીકી પરોવતો આખરે આ જગતના પાટ પરથી સરી જશે! અને તેમ કરતાં એ જ્યોતિસૌંદર્યનાં કંઇક બિંદુઓ એ પોતાની હૃદયથાળમાં ઝીલીને જગતને ચરણે ધરશે, એ જ એના જીવનનું સાફલ્ય બનશે! અણુનો પણ અણુ માનવી એથી વધુ શું કરી શકે?

વહાલાં ગુજરાતી સ્વજનો! આજે તમારા શા શા આભાર માનું? કયાં મારી અલ્પ સેવા, ને કયાં તમારી મહાનુભાવિતા! એક કરોડ ગુજરાતીઓના પ્રતિનિધિ રૂપ આજે તમે સર્વ હિંદ, પારસી, મુસ્લિમ, જૈન, ખ્રિસ્તિ નામરૂપ, પણ ગરવી ગુજરાતના ગુજરાતીનાં બિરદરૂપ, મને આટઆટલાં સ્નેહવર્ષણથી ભીંજાવો છો, એ તમારૂં ઋણ હું કદિ ફેડી શકનાર નથી. અને આજે તો મને ખાસ આનંદ એ થાય છે કે મારાં પારસી બંધુઓ ને બહેનોએ આ ગુજરાતી હિંદ સાક્ષરોએ ઊભા કીધેલા સરસ્વતીસત્રમાં સક્રિય ભાગ લઇ આજે પાંત્રીશ વર્ષે મને પાછો પોતાનો ગણીને મારો આજનો આનંદ અનેકગણો વધારી દીધો છે. ગુજરાત જ હવે આપણી ખરી માતૃભૂમિ છે, અને ગુજરાતી જ આપણી ખરી માતૃભાષા છે, એ શું હજીયે મારા ધર્મબંધુઓને કહેવું પડશે? ગુજરાતી હિંદુઓ પોતાના દેશની કે પોતાની ભાષાની નિઃસ્વાર્થ સેવા કરનારની કદર કરી શકે છે, તે આજના પ્રસંગથી મારાં બધાં પારસી ભાઇઓ ને બહેનોએ જોયું છે ને જાણ્યું છે. ઘરમાં ગમે

તેમ બોલાતી ને જાહેરમાં ગમે તેમ નિયમ વગરની લખાતી અશુદ્ધ ભાષા તે કદિ ખરા નાગરિકનું ભૂષણ થઇ શકતી નથી, શુદ્ધ સંસ્કારી ભાષા તે શુદ્ધ લોહીના જેવી છે: સદાયે શક્તિવર્ધક અને ખાનદાની ભાષા પરના પ્રભુત્વ વગર વિચારનું કે ભાવનું પૂર્ણ પ્રકાશન થતું નથી અને વાણીથી મળતા ઉચ્ચ આનંદ ભોગવાતા નથી. મનશાની, ગવશાની, કુનશાની, એ હિંદુ ધર્મની મનસા, વાચા, કર્મણા છે. એ જ માનવ જીવનની ખરી ત્રિમૂર્તિ છે. એ ત્રિમૂર્તિમાં વિષ્ણુ ભગવાન જેવી મધ્યસ્થ મૂર્તિ વાચાની, ગવશનીની છે. મનશની સાથે ગવશાની જો શુદ્ધ નહીં હશે તો કુનશાની-કર્મણા ક્યાંથી શુદ્ધ રહી શકશે? માટે જ મારી ફરીફરીને અરજ છે કે આપણી વાણીને, આપણી શુદ્ધ ગુજરાતી ભાષાને સંપૂર્ણ રીતે અપનાવો! પારસી ભાઈઓ અને બહેનો અંગ્રેજી, ફ્રેંચ અને બીજી યુરોપીય ભાષા શીખીને તેમાં સંપૂર્ણ વિજય મેળવે છે, તો આ જન્મતાં આપણા લોહીમાં વસેલી ગુજરાતી ભાષા પર કાબુ મેળવતાં કાંઇ ઘણી મહેનત પડે તેમ નથી. મારા પારસી લેખકબંધુઓ આ ભાષાશુદ્ધિ માટે ખંતથી પ્રયત્ન કરે તો ગુજરાતી ભાષાને ઘણો જ મોટો વેગ મળે. આપણા મુસ્લિમ ભાઇઓ પણ સાહિત્યલેખનમાં કેવી શુદ્ધ અને સુંદર ગુજરાતી ભાષા લખે છે. હું જીવનભરની આશા રાખતો આવ્યો છું કે મારા પારસી લેખકબંધુઓ આ ભાષાને લગતું સત્ય એક દિન જરૂર પોતાના અંતરમાં પૂર્ણપણે ઉતારશે. પ્રભુ એ દિવસ જલદી લાવો, અને તે મારી હૈયાતી દરમિયાન હું જોઇ શકું એવી મારી તીવ્ર અભિલાષા છે!

અને હવે, માનવંતા પ્રમુખ સાહેબ! ઉત્સવસમિતિના પ્રમુખ મહાશય અને સર્વ કાર્યકર્તાઓ, અને મારાં સર્વ ગુજરાતી ભાઇઓ અને બહેનો! હજીયે બોલ્યો જાઉં તોય તમારાં આ રાજવી આતિથ્યના આભાર હું કદીયે પૂરા માની શકીશ નહીં. કવિનાં જીવન તો જગતને સદા અર્પણ જ હોય છે. તમારી સેવામાં અને તમારે ચરણે હું મારા જીવનભરના તત્ત્વદર્શનની કવિતાનો ગ્રંથ "દર્શનિકા" થોડા દિનપર જ મૂકી શક્યો છું, તે પહેલાં તો તમે સૌ આ સન્માનના ગણેશ બેસાડી ચૂકયાં હતાં, એ જ તમારા ઊંડા સ્નેહભાવની નિશાની છે. આજે તમે મારા હૃદય પર મારી જોખમદારીનો એવો સ્નેહનો બોજો મૂકયો છે કે હું તે વહન કરવાની શકિત ક્યાંથી લાવીશ? ગુર્જરી ભાષાદ્વારે તમારી સેવામાં જ મારું બાકી રહેલું જીવન વ્યતીત થશે, એમ કહેવામાં પણ હું તમારી ગુણજ્ઞતાને ન્યાય આપી શકું નહીં. શબ્દથી કે પ્રતિકાર્યથી પણ કોઈના આભાર વાળી શકાતા નથી. જીવન તો કર્તવ્ય રૂપે જ વહેવાનું છે. એથી વધુ હું શું કહી શકું? અને તમે સૌ વિદ્વાન, રસિક અને સ્નેહી ગુજરાતી ભાઇઓ અને બહેનો તરફથી ગુજરાતની રસિકતા, વિદ્વત્તા અને ખાનદાનીની જીવંત ને પ્રત્યક્ષ મૂર્તિ સમા સર્વતોભદ્ર સાક્ષરરત્ન પ્રમુખ સાહેબ સુ. શ્રી આનંદશંકરભાઇએ આજે ઉત્તમ શબ્દપુષ્પોથી ગુંથાયલો, તમારા અતિ ઊંડા સ્નેહ અને ઔદાર્યના અણમોલ ચિહ્નનું પ્રગટરૂપ પામેલો, આ સુંદર "અભિનંદન ગ્રંથ" પોતાના શુભાશિષ સાથે આ મેળાવડામાં મને જાહેર રીતે આપીને ગુર્જરીની

સેવાના ઇનામ રૂપે તેનો ઉપહાર કીધો છે, તે ગુર્જરીની ચરણરજ સાથે હું મારે શીશ ચડાવું છું, અને મારા હૃદયમંદિરમાં એ તમારી અણમોલ વિભૂતિને દેવરૂપે સ્થાપું છું. કવિના આશિષ એ જ કવિનું ધન છે. સર્વ ગુર્જર બંધુઓ અને બહેનોનું કલ્યાણ હો! અસ્તુ!

અને આ મારાં આભારદર્શનના અંતમાં પણ પાછું મારે આરંભના જેવું જ કહેવું પડે છે. મારા હૃદયના ભાવ આ મારી નિર્બળ ગદ્ય વાણીમાં પ્રગટ કરવાને હું અશક્ત છું, એટલે એ મારા હૃદયનો ભાર એક વાર ફરી મારાં "વંદન"ના ગીતમાં હું જરાયે કમી કરીને તમો સૌને મારાં મનભર નમન કરીને વિરમીશ. જય જય ગુર્જરી!

વંદન

આવ્યાં આવ્યાં આમંત્રણ મનભરિયાં,
કે મહેમાન આવજો રે લોલ;
મ્હોરી મોંઘી પુણ્યોની પાંખડીઓ આજે,
ત્યાં મીટડી મંડાવજો રે લોલ:
દૂર દૂર વસે અમાસનો ચંદો,
અંધારે એને ખેલવાં રે લોલ;
એ પર આજે, મોંઘા મુજ યજમાન!
અમૃત શાં રેલવાં રે લોલ?

ઘેરી ઘેરી જેના જીવનની ઝાડી
ચીરાતી ગૂઢ વીજથી રે લોલ;
ઊંડાં ઊંડાં આંસુની અણદીઠી ધારે
કે આંખ જેની સીઝતી રે લોલ;
એવા જૂના તપસીનાં તાપભર્યાં હૈયાં
શાં ફૂલડે હિંચોળવાં રે લોલ?
આજે એને હૈયે, વ્હાલાં યજમાન!
અમૃત શાં ઢોળવાં રે લોલ?

આછાં આછાં અધુરાં ગીત કંઈ ગાયાં,
ને ઉડયાં ઊંચે આભલે રે લોલ;

સંધ્યાઉરે સરતી દૂર પંખીડાંની પાંખો
કો વિરલાં સાંભળે રે લોલ;
આપ્યા કે ન આપ્યા એ આતમના સંદેશા
કે સોણલાં સંકેલવાં રે લોલ:
ક્યાંથી એવાં ભાગ્યે, મુજ યજમાન!
અમૃત સદા રેલવાં રે લોલ?

નથી નથી રાજસુહાગ રતનિયાં,
કે મઢું તમ પાવલે રે લોલ;
નથી નથી મોહનનૂર મોતીડાં,
ઉડાવું તમ રાવલે રે લોલ:
એક મારા દિલનાં ફૂલડાં વેરૂં,
નમન કરૂં નેહનાં રે લોલ;
સ્વીકારો મારાં મોંઘેરાં યજમાન!
વંદન આતમ દેહનાં રે લોલ!

મુંબઇ: તા૦ ૬ ઠ્ઠી નવેમ્બર ૧૯૩૧

અરદેશર ફરામજી ખબરદાર

પ્રકાશક:—કવિશ્રી—ખબરદાર—કનકોત્સવ—અભિનંદન—સમિતિ તરફથી
શ્રી. ગોકુળભાઇ દો. ભટ્ટ. મુંબઇ.

"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસમાં નટવરલાલ ઇચ્છારામ દેશાઇએ છાપ્યું છે.
સાસુન બિલ્ડીંગ્સ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ નં. ૧